નવી ડ્રેનેજ લાઈનની કામગીરી દરમિયાન પીવાના પાણીની લાઈનો તૂટી જતાં પાણીની અછત

ડ્રેનેજ નળમાં, પાણી રસ્તા પર

દશેરા ટેકરીમાં તંત્રની 'યોજનાઓ'થી જનતા પરેશાન, ફરિયાદો છતાં મનપા નિંદ્રામાં

સમસ્યાથી ત્રાસેલા રહીશોએ મહાનગરપાલિકા કચેરીએ પહોંચી રોષ વ્યક્ત કર્યો

નવસારી : શહેરના દશેરા ટેકરી વિસ્તારમાં મહાનગરપાલિકાની વિકાસ કામગીરી લોકો માટે સુવિધા નહીં પરંતુ સજા બની ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. નવી ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી દરમિયાન પીવાના પાણીની લાઈનો વારંવાર તૂટી જતાં વિસ્તારમાં પાણીની અછત સાથે ગંદુ અને દુર્ગંધયુક્ત પાણી આવવાનું શરૂ થયું છે. હાલ સ્થિતિ એવી બની છે કે નળમાંથી પીવાનું પાણી નહીં પરંતુ ડ્રેનેજનું મિશ્રણ મળી રહ્યું છે.

સ્થાનિક રહેવાસીઓ દ્વારા અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્રની કામગીરી કાગળ અને ખાતરીઓ સુધી જ સીમિત રહી છે. સમસ્યાથી ત્રાસેલા રહીશો અંતે મહાનગરપાલિકા કચેરીએ પહોંચ્યા હતા અને પોતાના દુઃખ-દર્દ સાથે રોષ પણ વ્યક્ત કર્યો હતો. લોકોનું કહેવું છે કે "ફરિયાદ કરીએ તો કામચલાઉ સમારકામ, બે દિવસ પછી ફરી એ જ હાલત" જાણે સમસ્યા ઉકેલવાની નહીં, લંબાવવાની નીતિ ચાલી રહી હોય.

બુદ્ધિ વગરના હાથોમાં કામ આપશો તો પરિણામ આવું જ આવશે : પૂર્વ નગર સેવક

પૂર્વ નગર સેવક વિજયભાઈ રાઠોડે કડક શબ્દોમાં જણાવ્યું હતું કે અયોગ્ય આયોજન અને અનુભવના અભાવે કામ કરાતા લોકોની મુશ્કેલીઓ વધતી જાય છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે "બુદ્ધિ વગરના હાથોમાં કામ આપશો તો પરિણામ પણ આવું જ આવશે" અને જવાબદાર કર્મચારીઓ સામે કાર્યવાહી કરી અનુભવી સ્ટાફ પાસેથી કામ લેવુ જરૂરી હોવાનું જણાવ્યું હતું.

તંત્ર માટે હવે પરીક્ષાનો સમય છે

હાલ દશેરા ટેકરી વિસ્તારમાં એક જ સવાલ ગુંજી રહ્યો છે. વિકાસના નામે મળતું ગંદુ પાણી કેટલા દિવસ સહન કરવું? જો રમઝાન પહેલા સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે તો લોકોનો આક્રોશ વધુ ઉગ્ર બનવાની શક્યતા છે. તંત્ર માટે હવે પરીક્ષાનો સમય છે નહીં તો પ્રજાનો વિશ્વાસ ફરી એકવાર ડ્રેનેજમાં વહેતો જોવા મળશે.

વિસ્તારમાં મોટી સંખ્યામાં મુસ્લિમ પરિવારો વસવાટ કરતા હોવાથી આવનારા પવિત્ર રમઝાન મહિનાને લઈને લોકોમાં વધુ ચિંતા ફેલાઈ છે. એક તરફ ઈબાદતનો સમય નજીક છે, તો બીજી તરફ શુદ્ધ પાણી માટે જ સંઘર્ષ કરવાની ફરજ પડી રહી છે. રહીશોએ ગંદા અને દુર્ગંધયુક્ત પાણીના પુરાવા સાથે ડેપ્યુટી કમિશનર સમક્ષ તંત્રની બેદરકારીનો પર્દાફાશ કર્યો હતો.

કાર પાણીમાં ગરકાવ

વેસ્મા-કુચેડ પાસે રેલિંગ વગરની કેનાલ માર્ગે અકસ્માતો યથાવત્

નવસારી : વેસ્મા-કુચેડ ગામ નજીક કાકરાપાર મુખ્ય કેનાલની બાજુનો માર્ગ તંત્રની બેદરકારીનું જીવંત ઉદાહરણ બની ગયો છે. અહીં ફરી એકવાર એક કાર અનિયંત્રિત બની સીધી પાણી ભરેલી કેનાલમાં ખાબકી ગઈ હતી. સદનસીબે ચાલકે સમયસર બહાર નીકળી પોતાનો જીવ બચાવી લીધો, પરંતુ થોડા જ પળોમાં કાર પાણીના પ્રવાહમાં સંપૂર્ણપણે ગરકાવ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં સિંચાઈ વિભાગના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા અને વાહન બહાર કાઢવા માટે કેનાલમાં પાણીનું સ્તર ઘટાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જોકે સ્થાનિકોમાં પ્રશ્ન ઉઠી રહ્યો છે કે આવી તાત્કાલિકતા માત્ર અકસ્માત પછી જ કેમ દેખાય છે? અકસ્માત અટકાવવા માટે અગાઉથી કોઈ કાયમી સુરક્ષા કેમ ઉભી કરવામાં આવતી નથી? આ સ્થળે અગાઉ પણ વાહન કેનાલમાં ખાબકવાની ઘટનાઓ બની છે. છતાં કેનાલની બાજુમાં લોખંડની રેલિંગ ઉભી કરવામાં આવી નથી. ગ્રામજનોમાં આક્ષેપ થઈ રહ્યો છે કે જાણે તંત્ર કોઈ જાનહાનિ બાદ જ જાગવાની રાહ જોઈ રહ્યું હોય. સ્થાનિકોએ તાત્કાલિક મજબૂત રેલીંગ અને જરૂરી સુરક્ષા સુવિધાઓ ઉભી કરવાની કડક માંગ કરી છે.

દારૂ ભરેલી કાર ફાટેલા ટાયર સાથે ત્રણથી ચાર કિમી દોડી

ચીખલીમાં ટાયર ફાટી ગયા બાદ કાર દોડતા રિંગ પણ અડધી ઘસાઈ જતા રસ્તા પર પાટા પડી ગયા

કારમાં નંબર પ્લેટ પણ ખોટી લગાવાઇ હતી

ધેજ : ચીખલી પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતા તલાવચોરા રોડ પર અકસ્માત સર્જાતા કારમાંથી ૨.૬૦ લાખ રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે પીછો કરતા ખેપિયાએ કાર બેફામ હંકારતા પાછળનું એક ટાયર ફાટી જતા ટાયર વિના ત્રણથી ચાર કિમી દોડતા સ્થાનિકોમાં ભય ફેલાયો હતો.

બાતમીના આધારે સર્વલન્સ સ્ટાફના વિજયભાઇ, હરીશભાઈ, અલ્પેશભાઇ, કલ્પેશભાઈ, ગણપતભાઇ, જયપાલસિંહ સહિતના સ્ટાફે બલવાડા નેશનલ હાઇવે પર વોચ ગોઠવી હતી. આ દરમ્યાન કિયા કાર નં જીજે-૧૫-સીકે-૮૭૪૬ આવતા અટકાવવાનો પ્રયાસ કરતા ચાલકે બલવાડા ઓવરબ્રિજ નીચેથી તેજલાવ, મલિયાધરા, તલાવચોરાથી સમરોલી રણછોડરાઇ ભગવાનના મંદિર તરફના રોડ પરથી યુ-ટર્ન મારી હંકારતા તલાવચોરા રોડ પર ઉમા ક્લિનિક પાસે ચાલકે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતા જીઇબીની ડીપીના થાંભલા સાથે અથડાતા ચાલક ઉતરીને ફરાર થઇ ગયો હતો.

ખેપિયાએ કાર બેફામ હંકારતા પાછળનું એક ટાયર ફાટી ગયું હતું. અને ત્રણ ચાર કિમી ટાયર વિના જ કાર દોડતા રિંગ પણ અડધી ઘસાઈ ગઈ હતી. રસ્તા પર રિંગ ઘસાતા અવાજ થવા સાથે પાટા પડી ગયા હતા. દારૂ ભરેલી કારની રેસથી લોકોમાં ભય ફેલાયો હતો. પોલીસે કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૫૦૪ નો ૨,૬૦,૪૦૦ રૂપિયાનો જથ્થો કબ્જે કરી વધુ તપાસ પીએસઆઇ-એફ.એચ.પટેલે હાથ ધરી હતી. આ કારમાં નંબર પ્લેટ પણ ખોટી લગાવાઇ હતી.

પાણીખડકથી બે ટેમ્પોમાંથી ખેરના લાકડા ઝડપાયા

આંબાવાડીમાંથી ખેરનો જથ્થો ઝડપાતા નડગધરીના એક વેપારીનું નામ બહાર આવ્યું

ધેજ : ચીખલી વનવિભાગે પાણીખડક ચોકડી પાસે આંબાવાડીમાંથી બે ટેમ્પામાં ૭૭૯ નંગ ૯૪૫૬ ઘન મીટરનો ખેરના લાકડાનો જથ્થો ઝડપી પાડી નડગધરી ગામના એકને વોન્ટેડ જાહેર કર્યો હતો.

બાતમીના આધારે વન વિભાગના સ્ટાફે પાણીખડક ચોકડી પાસે મોરરભાઈ દેસાઈની આંબાવાડીમાંથી ટેમ્પો નંબર જીજે ૨૧ ડબલ્યુ ૮૯૧૪ માંથી ખેર ઘડતરી નંગ ૨૩૦ નો ૨૩૨૮ ઘન મીટર તથા બીજો ટેમ્પો નંબર આર જે ૨૫ જી એ ૮૪૩૪ માંથી ૫૪૯ નંગનો ૭૧૨૮ ઘન મીટર મળી કુલ ૭૭૯ નંગ નો ૯૪૫૬ ઘન મીટર જેટલો જથ્થો રૂપિયા ૧૦ લાખ અને બે ટેમ્પાની કિંમત ૮ લાખ મળી કુલ ૧૮ લાખ રૂપિયાનો મુદામાલ ઝડપી પાડ્યો હતો.

વન વિભાગની તપાસમાં નડગધરીના એક વેપારીનું નામ બહાર આવતા તપાસ હાથ ધરી હતી. વલસાડ ઉતર વન વિભાગ દ્વારા ખેડૂતોના અનામત કેટેગરીના ઝાડો કાપવાના તુમારોનો નિકાલ કરી મંજૂરી આપવામાં ન આવતા ખેડૂતો પણ લાચાર હોય તેવામાં ગેરકાયદે વૃક્ષ છેદનની પ્રવૃત્તિમાં વધારો થવા પામ્યો છે.

વલસાડમાં ગાયનું દૂધ વધારવાની દવા સાથે એક ઈસમ ઝડપાયો

દમણના શંકાસ્પદ ચંન્દ્રજીત યાદવ પાસેથી પશુઓના દૂધ વધારવાની 720 બોટલ મળી આવી

વલસાડ : વલસાડ રૂરલ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન એક શંકાસ્પદ જણાતી વ્યક્તિને અટકાવી તેની પાસેનો શંકાસ્પદ સામાન ચેક કરતાં તેમાંથી દવાની 720 બોટલો મળી આવી હતી. આ અંગે પુછતાં તેણે જણાવ્યું કે, આ દવા ગાય-ભેંસના દુધ વધારવા માટે ઉપયોગમાં લેવાય છે. જેના પગલે પોલીસે તેની તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, રૂરલ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન તેમણે અતુલ ઓવરબ્રિજ શંકાસ્પદ રીતે મિણિયા થેલામાં કંઇ લઇને ઉભી રહેલી વ્યક્તિને અટકાવી હતી. પોલીસ તપાસમાં તેનું નામ ચન્દ્રજીત હરીનાથ યાદવ (રહે. દમણ) હોવાનું બહાર આવ્યું હતું. તેના થેલાની તપાસ કરતાં તેમાંથી દવાની બોટલો નિકળી હતી. આ દવાની બોટલો પર એલ્યુમિનિયમ મેટલના સિલ હતાં. જોકે, બોટલ પર કંઇ પણ નામ જોવા મળ્યું ન હતું. ત્યારે આ અંગે તેને પુછતાં તેણે જણાવ્યું કે, આ દવા ગાય-ભેંસના દુધના વધારા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ત્યારે આ દવા ઓક્સિટ્રોસિન નામની દવા હોવાની શંકા ઉપજી હતી. જે દવા પ્રસૂતિ દરમિયાન બચ્ચાને ફોર્સ કરી બહાર કઢાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. જોકે, દવા કઇ છે, ક્યાંથી આવી કોને આપવાની છે વિગેરે તપાસ પોલીસે શરૂ કરી છે. હાલ પોલીસે દવાનો જથ્થો કબજે કર્યો છે. તેને લાવનાર ચન્દ્રજીતની વધુ પુછતાછ હાથ ધરી છે.

હુમલાગ્રસ્ત દંપતીને આખી રાત પોલીસ મથકમાં બેસાડી રખાયા

ખેરગામમાં પોલીસની કામગીરી સામે મહિલાના ગંભીર આક્ષેપ

ઘર સળગાવી દેવાની ધમકી આપી મહિલાને બહાર ખેંચી માર માર્યો, એસ.પી.ને રાવ

પોલીસે કહ્યું : સામેવાળા 4 વાગ્યે આવશે

પરિવાર 11 વાગ્યે ન્યાયની અપેક્ષાએ પોલીસ સ્ટેશન તો ગયો, પરંતુ પોલીસે સામાવાળા (મારામારી કરનારાઓ) ચાર વાગ્યે આવશે એમ કહ્યું હતું. તમે પણ ચાર વાગ્યે આવજો એમ કહ્યું હતું. જે બાદ 4 વાગ્યે ફોન આવ્યો હતો કે, આજે આવવાનું નથી, કાલે શનિવારે આવજો. બાદ ફરિયાદીને ગુપ્ત ભાગે મૂઢમાર વાગ્યો હોવાથી ખેરગામના સરકારી દવાખાનામાં સારવાર લીધી હતી. વધુમાં ફરિયાદી અંબાબેનના પતિને જેલમાં ખોટી રીતે બેસાડી રાખ્યાના આક્ષેપ કર્યા હતાં.

ખેરગામ: ખેરગામના લેરકા ફળિયામાં રહેતા શ્રમજીવી પરિવાર પર સંબંધીઓ દ્વારા હુમલો કરી મારી નાંખવાની ધમકી આપી છે. ભોગ બનનાર અંબાબેન વાઘીયાએ નવસારી જિલ્લા પોલીસ અધિક્ષકને કરેલી લેખિત ફરિયાદમાં ખેરગામ પોલીસની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે.

ફરિયાદ મુજબ અંબાબેનના પતિ અંકિત વાઘીયાનું માથું દુઃખતું હોવાથી તેઓ ગોળી પી સૂઈ ગયા હતાં. બાદ રાત્રે 9:30 વાગ્યે ફળિયાના વિપુલભાઈનો ફોન આવ્યો હતો અને અંકિતભાઈ વિશે પૂછપરછ કરી હતી. આથી અંબાબેને સૂઈ ગયાનું કહ્યું હતું. પરંતુ વિપુલભાઈએ વાત કરવાનું કહેતા અંબાબેને શું કામ છે એમ પૂછ્યું હતું. આથી વિપુલભાઈને બાજુમાં બેસેલા સંજયભાઈએ વિપુલભાઈ પાસે ફોન લઈ ગાળાગાળી શરૂ કરી દીધી હતી. તું બોલવાવાળી કોણ કહી અભદ્ર વર્તન કરી ઘરે આવીને માર મારીશ એમ કહ્યું હતું. આથી અંબાબેને તમારી સાથે કોઈ ઝઘડો કરવો નથી એમ કહી ફોન કટ કરી દીધો હતો. એ બાદ સંજય વાઘીયા, રેખુબેન વાઘીયા અને મીનાબેન વાઘીયાએ અંબાબેનના ઘરે જઈ હંગામો મચાવ્યો હતો અને ઘર સળગાવી દેવાની ધમકી આપી અંબાબેનને ઘરની બહાર ખેંચી કાઢી ઢસડ્યાં હતાં અને માર માર્યો હતો.

આ ઘટના બાદ પોલીસે ઘટના સ્થળે પહોંચી દંપતીને પોલીસ મથકે લઈ ગઈ હતી. જો કે, અંબાબેનનો આક્ષેપ છે કે ખેરગામ પોલીસે ગુનો નોંધવાને બદલે તેમને અને તેમના પતિને રાતભર પોલીસ સ્ટેશનમાં બેસાડી રાખી સમાધાન કરવા માટે દબાણ કર્યું હતું. બીજી તરફ ઝઘડો કરનારાને કાર્યવાહી વગર જ ઘરે જવા દેવામાં આવ્યા હતાં. હુમલામાં ઈજા પામેલા અંબાબેને સરકારી હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. મહિલાએ નવસારી એસ.પી. પાસે ન્યાયની ગુહાર લગાવી કાર્યવાહીની માંગ કરી છે.

હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસઃ 09, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી-110057.
શાખા ઓફિસઃ શોપ નં. 3, બીજો માળ, પાર્શ્વનાથ શોપિંગ સેન્ટર, રેવન્યુ સર્વે નં. 115/1, પૈકી પ્લોટ નં. 1, નવસારી, ગુજરાત. પિન - 396445.

જાહેર નોટિસ (પ્રાઇવેટ ટ્રીટી દ્વારા સ્થાવર મિલકતનું વેચાણ)

[સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ના નિયમ 8 અને 9 હેઠળ પ્રાઇવેટ ટ્રીટી દ્વારા વેચાણની નોટિસ]

આથી જાહેર જનતાને અને ખાસ કરીને લોન લેનાર/સહ-લેણદાર ("દેવાદારો") ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ ગીરો મિલકત, જે હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ ("સુરક્ષિત લેણદાર") પાસે ગીરો છે અને જેનો કબજો અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે કંઈ પણ છે"ના ધોરણે પ્રાઇવેટ ટ્રીટી દ્વારા કરવામાં આવશે.
પ્રાઇવેટ ટ્રીટીદ્વારા વેચાણ આ પ્રકાશનની તારીખથી પંદર દિવસ (15 દિવસ) પછી કોઈપણ દિવસે થશે. તેની વિગતો નીચે મુજબ છેઃ

લોન એકાઉન્ટ નંબરઃ	લેણદાર(ઓ)/ સહ-લેણદાર(ઓ)/ જામીનદાર(ઓ)ના નામઃ	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમઃ	અનામત કિંમત / અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)	કબજાનો પ્રકાર
HHFNVSHOU22000025142// HHFNVSIPL22000025144	અબ્બાસ સુલેમાન ખલીફા, શહનવાઝ અબ્બાસભાઈ ખલીફા, જમીલા અબ્બાસભાઈ ખલીફા	25/11/2024, Rs. 19,71,387 /- as on 11/02/2026	Rs.10,80,000/- / Rs.1,08,000/-	ભૌતિક

મિલકતનું વર્ણનઃ સ્થાવર મિલકતના પીસ અને પાર્સલ જમીન પ્લોટ નં. G-15, જેનું ક્ષેત્રફળ 47.260 ચો.મી. ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળનું કુલ બાંધકામ ક્ષેત્રફળ 105.00 ચો.મી. છે, જે "શ્યામ નગર-2" તરીકે ઓળખાય છે, ગ્રામ પંચાયત રજિસ્ટર મકાન નં. 1123, રેવન્યુ સર્વે/બ્લોક નં. 495, (જૂના સર્વે/બ્લોક નં. 495+496+498) પૈકી, (નવો બ્લોક/સર્વે નં. 1022), મોજે ગામ વાઘરેચ, સબ ડિસ્ટ્રિક્ટ ગણદેવી, ડિસ્ટ્રિક્ટ નવસારી, ગુજરાતમાં આવેલી છે. મિલકતની સીમાઓઃ ઉત્તરઃ પ્લોટ નં. 14, દક્ષિણઃ પ્લોટ નં. 16, પૂર્વઃ ખુલ્લી જમીન, પશ્ચિમઃ રોડ.

અધિકૃત અધિકારીની વિગતોઃ શ્રી હરિ સિંહ રાજાવત, ફોનઃ 9828677772, ઈમેલઃ hari.rajawat@herohfl.com
પ્રાઇવેટ ટ્રીટી 28/02/2026 પછી કોઈપણ દિવસે અમલમાં આવશે.

ખરીદનારની ઓળખ થઈ ગઈ છે. હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ SARFAESI એક્ટ, 2002 ની કલમ 13(4) હેઠળ મિલકતનો કબજો લીધો છે. અગાઉના જાહેર હરાજીના તમામ પ્રયત્નો નિષ્ફળ રહ્યા હોવાથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત મિલકત પ્રાઇવેટ ટ્રીટી દ્વારા HHFLના લેણાંની વસૂલાત માટે HHFLને મંજૂર શરતો મુજબ, 'જ્યાં છે ત્યાં' અને 'જે છે તે' ધોરણે." વેચાણ માટે ઉપલબ્ધ છે.
પ્રાઇવેટ ટ્રીટી દ્વારા વેચાણના નિયમો અને શરતો નીચે મુજબ છેઃ
1. વેચાણ 'જ્યાં છે ત્યાં' અને 'જે છે તે' ધોરણે થશે, કોઈ જાહેર બિડ આમંત્રિત કરવામાં આવશે નહીં.
2. બિડ વધારાની રકમ નીચે મુજબ રહેશેઃ રૂપ લાખ સુધીની અનામત કિંમત માટે રૂ. ૧૫,૦૦૦ (પંદર હજાર પૂરા).૨૫ લાખથી વધુ અને ૫૦ લાખ સુધીની અનામત કિંમત માટે રૂ. ૨૫,૦૦૦ (પંચવીસ હજાર પૂરા). ૫૦ લાખથી વધુ અને ૧ કરોડ સુધીની અનામત કિંમત માટે રૂ. ૫૦,૦૦૦ (પચાસ હજાર પૂરા). ૧ કરોડથી વધુની અનામત કિંમત માટે રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ પૂરા). 3. ખરીદદારે મિલકત ખરીદવાની ઓફરના HHFLના સ્વીકારની પ્રાપ્તિના પછીના કામકાજના દિવસે વેચાણ કિંમતના ૨૫% રકમ જમા કરાવવાની રહેશે અને બાકીની રકમ ત્યારબાદ ૧૫ દિવસની અંદર ચૂકવવાની રહેશે. 4. ખરીદદારે અરજી સાથે ઓફર કરેલી રકમના ૧૦% રકમ જમા કરાવવાની રહેશે, જે ઉપરની કલમ (૨) મુજબ કરવામાં ૨૫% ડિપોઝિટ સામે એડજસ્ટ કરવામાં આવશે. 5. ઉપરની કલમ (૨) હેઠળ જરૂરી રકમ મોકલવામાં નિષ્ફળતાના કિસ્સામાં, અરજી સાથે ચૂકવેલ ૧૦% રકમ સહિત અગાઉ ચૂકવેલી તમામ રકમ જપ્ત કરવામાં આવશે. 6. HHFL દ્વારા ખરીદીની ઓફર સ્વીકારવામાં ન આવે તેવા કિસ્સામાં, અરજી સાથે ચૂકવવામાં આવેલી ૧૦% રકમ કોઈપણ વ્યાજ વગર પરત કરવામાં આવશે. 7. મિલકત HHFL ને જાણ હોય અથવા અજાણ હોય તેવા તમામ વર્તમાન અને ભાવિ બોજ સાથે વેચવામાં આવી રહી છે. અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર કોઈપણ રીતે ત્રીજા પક્ષના દાવા/અધિકારો/બાકી લેણાં માટે જવાબદાર રહેશે નહીં. 8. ખરીદદારે તેની સંતોષકારક રીતે મિલકત (પ્રાઇવેટ ટ્રીટી દ્વારા વેચાણ હેઠળની) સંબંધિત તમામ પાસાઓ પર યોગ્ય તપાસ કરવી જોઈએ. ખરીદદાર આ બાબતે પછીની તારીખે અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર સામે કોઈપણ દાવો કરવા માટે હકદાર રહેશે નહીં. 9. HHFL કોઈપણ કારણ જણાવ્યા વગર ખરીદીની કોઈપણ ઓફરને નકારવાનો અધિકાર અનામત રાખે છે. 10. એક કરતાં વધુ ઓફરના કિસ્સામાં, HHFL સૌથી વધુ ઓફર સ્વીકારશે અને અસફળ ઓફર કરનારનો HHFL સામે કોઈ દાવો રહેશે નહીં. 11. રસ ધરાવતા પક્ષો વધુ વિગતો/સ્પષ્ટીકરણો માટે અને તેમની અરજી સબમિટ કરવા માટે અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે. 12. મિલકતની ખરીદીના સંબંધમાં તમામ સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી અને અન્ય ખર્ચ, ટેક્સ, ડ્યુટી ખરીદદારે ભોગવવાની રહેશે. 13. વેચાણ SARFAESI એક્ટ/નિયમોની જોગવાઈઓ અનુસાર રહેશે.
14. મિલકતની વિગતો અને મિલકતની મુલાકાત માટે સંપર્ક કરોઃ શ્રી હરિ સિંહ રાજાવત // ૯૮૨૮૬૭૭૭૭૨ // hari.rajawat@herohfl.com અને શેખર સિંહ // ૯૭૧૧૫૨૨૨૭૫ // shekhar.singh@herohfl.com

દેવાદાર/જામીનદાર/ગીરોદારને ૧૫ દિવસની વેચાણ નોટિસ

ઉપરોક્ત ઉલ્લેખિત દેવાદાર/ગીરોદાર/જામીનદારોને આથી સૂચિત કરવામાં આવે છે કે તેઓ વેચાણની તારીખ પહેલાં કલમ ૧૩(૨) હેઠળની ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ આજની તારીખ સુધીના વ્યાજ અને ખર્ચ સાથે ચૂકવે, જેમાં નિષ્ફળ જવાથી મિલકત પ્રાઇવેટ ટ્રીટી દ્વારા વેચવામાં આવશે અને બાકી લેણી રકમ, જો કોઈ હોય તો, તમારી પાસેથી દેવાદાર તરીકે વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે.
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (સુરક્ષિત લેણદાર) ની વેબસાઇટ એટલે કે, www.herohousingfinance.com પર https://uat.herohomefinance.in/hero_housing/other-notice માં આપેલી લિંકનો સંદર્ભ લો.
તારીખઃ ૧૨-૦૨-૨૦૨૬
સ્થળઃ નવસારી/ગુજરાત
હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ વતી, અધિકૃત અધિકારી

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, નવસારી શહેરના જુના સ.નં. ૫૭૨, ૫૭૩ તથા ૫૮૩ ની જમીનોની મૂળ માલિકી-કબજો મણીલાલ મકનજી લાડ ઉર્ફે ઈંટવાલાની ચાલી આવેલી છે.

ઉપરોક્ત નંબરોવાળી જમીનો પૈકી સ.નં. ૫૭૨ માં ૧૯૩૧ ચો.મી., જમીન સ.નં. ૫૮૩ માં ૩૫૭ ચો.મી. જમીન તથા સ.નં. ૫૮૩ માં ૬૬૩ ચો.મી. જમીન એમ ત્રણેય સ.નં. ની કુલ ૨૯૫૧ ચો.મી. જમીન માં હાલ સક્ષમ અધિકારી જમીન સંપાદન અને પ્રાંત અધિકારીના નવસારી નગરપાલિકા તથા રેલ્વે ઓથોરીટીના જેતે સમયના હુકમોની ગેરસમજ અને અરસપરસના પત્ર વ્યવહારને કારણે ટેકનીકલ ગેરસમજ તથા કાયદાની અને રેલ્વે ઓથોરીટીના હુકમનું ખોટુ અર્થઘટન ને કારણે ઉપરોક્ત સર્વે નંબર વાળી જમીનોમાં રેવન્યુ રેકર્ડ દફતરે જરૂરી સુધારા થયેલ ન હોવાથી મૂળ માલિક-કબજેદાર મણીલાલ મકનજી લાડ ઉર્ફે ઈંટવાલાની જગ્યાએ રેલ્વે ઓથોરીટીનું નામ ચાલી આવેલ છે, જે ખોટું છે અને સદર જમીનોમાં ચાલી આવેલ રેલ્વે ઓથોરીટીનું નામ રદ્દ કરવા અને મૂળ માલિક કબજેદાર મણીલાલ મકનજી લાડ ઉર્ફે ઈંટવાલાનું નામ દાખલ કરવાની કાયદેસરની કાર્યવાહી મૂળ માલિકના વારસદારો દ્વારા કરવામાં આવેલી છે અને સબજયુડીશ છે, જેથી જાહેર જનતા, બીલ્ડર લોબી, તેમજ જમીન દલાલો, ભુમાફીઆઓ વિગેરેને આ કાયદેસરની જાહેર નોટીસથી ચેતવણી આપવામાં આવે છે અને તાકીદ કરવામાં આવે છે કે, આ નોટીસમાં જણાવવામાં આવેલા સર્વે નંબરો વાળી જમીનો માં કોઈપણ ત્રાહિત ઈસમોએ પ્રવેશ કરવો નહિ કે અન્ય કોઈપણ રીતે માલીકી કબજેદારના હકકો તબદીલ કરવાની કાર્યવાહી જાતે કે હસ્તે પર હસ્તે કોશીશ કે પ્રયત્ન કરવા કે કરાવવા નહિ, તેમ છતાં જો કોઈપણ ત્રાહિત ઈસમો એવો કોઈપણ કાર્યવાહી કરશે તો તે તમામ શરૂઆતથી જ નલ એન્ડ વોઈડ યાને કે રદ્દ બાતલ ગણાશે તેની કાયદેસર કોઈ અસર ગણાશે નહિ એટલું જ નહિં પરંતુ આ સર્વે નંબરના મૂળ માલિક-કબજેદારના વારસદારો તમામ ઈસમો વિરૂધ્ધ ફોજદારી રાહે કાયદેસરના સખત પગલાં લેશે તેની સખત અને સ્પષ્ટ સુચના આપવામાં આવે છે.

મણીલાલ મકનજી ઉર્ફે ઈંટવાલા ના વારસદાર
અમિબાબેન બાલુભાઈ લાડ
નવસારી, તા. જી. નવસારી.

મારી મારફતે,
મણીલાલ મકનજી લાડ ઉર્ફે ઈંટવાલા
ના કાયદેસરના વારસદારોના
એડવોકેટ

તા. ૧૧-૦૨-૨૦૨૬ **આશિષ ધનસુખભાઈ પટેલ** (એડવોકેટ)
૪૩૪૩, સરોજ નિવાસ, વચલી શેરી, મોટા ફળિયા, મુ.પો. એરૂ, તા. જલાલપોર, જી. નવસારી-૩૯૬૪૫૦. મો.: 9913708217

જાહેર નોટીશ

આથી જાહેર જનતાને જણાવવાનું કે નીચે પરિશીષ્ટ હેઠળ વર્ણવેલ મીલકત **ચંદ્રવદન બાવાભાઈ જાદવ,** ના નામે રેવેન્યુ રેકર્ડ દફતરે ચાલી આવેલ ચાલુ છે. આ મીલકત બાબતે કોઈનો કોઈ પણ પ્રકારનો લાગભાગ હિસ્સો, દર, દાવો કે કોઈ પણ પ્રકારનો વાંધો વિરોધ હોય તે આ નોટીશ પ્રસીધ્ધ થયેથી દિન ૦૭ માં એવા અસલ દસ્તાવેજી પુરાવોઓ સહિત હમોને હમારી ઓફીસે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. દ્વારા જાણ કરવી. ઉપલી મુદત વિત્યે કોઈના કોઈ પણ પ્રકારનો હકક, હિસ્સા, દાવા કે તર તકરાર ચાલશે નહી. એવા વાંધા રજુ કરવામાં ન આવે તે સદર મીલકતનું ટાઈટલ ચોખ્ખુ અને માર્કેટેબલ છે, એમ માની તે મિલ્કતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હમારા અસીલ ના લાભમાં કરવામાં આવશે. જ્યાર બાદ કોઈનો કોઈ પણ પ્રકારનો વાંધો કે વિરોધ ચાલશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

:: વેચાણ આપવા નકકી કરેલ મીલકતનું વર્ણન ::

વલસાડ ડીસ્ટ્રીકટના સબ ડિસ્ટ્રીકટ વલસાડ તાલુકાના મોજે અબ્રામાં ગામે વલસાડ નગરપાલીકા હદ વિસ્તારમાં આવેલ બીન ખેતીના સીટી સર્વે નં. ૧૫૦૪ વાળી જમીન ઉપર બાંધવામાં આવેલ "શિવ કોમર્શિયલ કોમ્પલેક્ષ" નામના બીલ્ડીંગ ના પહેલા માળે આવેલ ઓફીસ નં. ૧૦૨ જેનું ક્ષેત્રફળ ૩૬૮.૭૦ ચો. ફુટ યાને ૩૪.૨૫ ચો.મી બીલ્ટ અપ એરીયા જેનો મ્યુનીસીપલ ઘર નં. ૭૧૫/૧/૧૦૨ વાળી મીલ્કત તેના લાગતા વળગતા તમામ હકકો સાથે.

તા. ૧૧.૦૨.૨૦૨૬
૨